મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

બ્રિટિશશાળા માટે ત્રિવેદી વાચનમાળા.

પુસ્તક બીજાના અર્થની નોટ.

જેની અંદર અર્થ; વાક્યના ભાવાર્થ; દરેક પાઠના સવાલ; પાઠનો સાર: પાઠમાંથી મળતો બોધ: કવિતાની સમજુતી ભાવાર્થ સાથે; પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષરો.

રચનાર-મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો.

રચનારનું ઠેકાણું-શાહપોર-સુરત.

પ્રસિદ્ધ કર્તા-C. M. Shah.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-શાહપોર-સુરત.

છાપનાર-ગોવિન્દ[redacted]ભાઈ નાયક.

છાપવાનું ઠેકાણું-શ્રી "અનાવિલ બંધુ" પ્રીન્ટીંગ પ્રેસ,
બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળ-સુરત.

સુધારેલી વધારેલી આવૃત્તિ બીજી.

સને ૧૯૨૭] કિંમત પાંચ આના. [સંવત ૧૯૮૩

મેસર્સ સી. ડી. શાહ ઍન્ડ કો. કૃત.

બ્રિટિશશાળા માટે

ત્રિવેદિવાચનમાળા

પુસ્તકબીજાના અર્થના નોટ

જેની અંદર અર્થ; વાક્યના ભાવાર્થ; દરેક પાઠના સવાલ; પાઠનો સારઃ પાઠમાંથી મળતો બોધ; કવિતાની સમજુતી ભાવાર્થ સાથે; પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષરો.

સુચનાઃ—કવિતામાંના અશુદ્ધ શબ્દ શુદ્ધરૂપે લખ્યા છે.

પાઠ ૧ લો

શાહનશાહ=મહારાજાધિરાજ
વારસ=હકદાર
કેળવણી=શિક્ષણ
ખલાસી=વહાણ હંકારનાર
મળતાવડા=મીલનસાર
હુકમ=આજ્ઞા
મુસાફરી=દેશ દેશ ફરવું તે
મહારાણી=મોટાં રાણી
વડીલ=મોટા
પાટવીકુંવર=ગાદીના વારસ
બાનુ=ધણીઆણી
મુનશી=ઉર્દૂ શીખવનાર
ઉર્દૂ=મુસલમાનની ભાષા
ઉપકાર=આભાર; પાડ
કિનારો=કાંઠો

સવાલ—સામે પાને કોનું ચિત્ર છે ? આપણા શહનશાહનું નામ શું ? શહનશાહ પમા જ્યૉર્જના માબાપનાં નામ કહો. આપણા રાજાને વહાલમાં શું કહે છે ? એમનું લગ્ન કેટલા વરસની ઉંમરે ને કોની સાથે થયું હતું ? આપણા પાટવી કુંવરનું નામ શું છે ? શહનશાહ અને શહનશાહ બાનુ હિંદુ-

સ્તાનમાં ક્યારે ને કેટલીવાર આવ્યાં હતાં ? શહનશાહ ૭ મા એડવર્ડના માતુશ્રીનું નામ શું ? આપણા શહનશાહ હિંદુસ્તાનમાંથી પાછા ફર્યા ત્યારે તેમણે શું કહ્યું હતું ?

પાંચમા જ્યૉર્જ, સાતમા એડ્વર્ડ, એલેક્ઝાન્ડ્રા, કેળવણી, દરિયાના, લશ્કર, એડ્વર્ડ, આલ્બર્ટ, હિંદુ-સ્તાન, વિક્ટોરિઆ, મુનશી, ઉર્દૂ.

પાઠ ૨ જો પોપટ.

કદ = માપ

છાંટ = ભાત; ઝીણા ટપકાં

પંજો = પાંચ આંગળનો જથો

નકલ = બીજાનું જોઇ તે પ્રમાણે કરવું તે.

નકલબાજ = નકલ કરનાર.

શબ્દ = એક કે વધારે અક્ષર મળવાથી કાંઇ પણ અર્થ સમજાય તે.

વાક્ય = એક કે વધારે શબ્દો મળીને મનમાં ધારેલો વિચાર જેથી પુરો જણાવાય તે.

લાસ્તો = ખરું જતો.

નાઉમેદ = નિરાશ.

ચોંક્યો = નવાઈ પામ્યો.

ખરીદી = વેચાતા લઇ.

પોપટીઆ = સમજ વગરનું

સવાલ—પોપટનું કદ મોટામાં મોટું અને નાનામાં નાનું કેવડું હોય છે ? પોપટનો રંગ કેવો હોય છે ? પોપટના પગે કેટલાં આંગળાં હોય છે ને તે કેવી રીતે હોય છે ? પોપટ શું શું ખાય છે ? પોપટને વધારે શું ભાવે છે ? વાંદરાને નકલ કરતાં આવડે છે તેમ કયા પક્ષીને આવડે છે ? પોપટીઆ ભણતર એટલે શું ?

બોધ—સમજ્યા વગર શીખવાથી વખત ને મહેનત નકામાં જાય છે, માટે સમજીને શીખવું.

ફૂટ, છાંટ, ટૂંકી, મજબૂત, હોશિયાર, પુસ્તકમાં, મિઆઉં, છૂટક, શબ્દો, વાકયો, શિખવે, હાસ્તો કિંમત, રૂપીઓ, ખરીદી, પોપટીઆ.

પાઠ ૩ જો

દાખલો લેતાં વિચારજો.

દાખલો લેવો=બીજાનું જોઈકરવું
અઘરો = મુશ્કેલ
પાર = સામે કાંઠે.
હાંફતું = ઉપરા ઉપરી દમ લેતું
ખણખણ = ઝપાટાબંધ.
હાસ = સંતોષ થવાથી બોલાતો શબ્દ.
રિબાઉં = બહુ દુઃખી થાઉં.
બોજો = ભાર; વજન.
ઉલટો = સામો.
ડંડુકા = ટુંકી જાડી લાકડી
પસ્તાવાનું = દિલગીર થવાનું.

સવાલ—એક ગધેડા ઉપરનો ભાર પાણીમાં પડવાથી ઓછો થયો અને બીજા પરનો વધ્યો તેનું કારણ શું?

બોધ—વિચાર કર્યા વગર દાખલો લેવાથી સુખને બદલે દુઃખ થાય છે,

ગધેડાં, ડંડુકા, બિચારૂં, અથડાયો, ઊઠ્યું, માંડ્યું, રિબાઉં, ઊલટો, વધ્યો, દુઃખ, પસ્તાવાનું.

પાઠ ૪ થો ઘોડો.

દેખાવડું =શોભિતું.
ઉમદા = સરસ.
જીન = ઘોડાપર બેસવાની ચામડાની બેઠક.
પલોટી = મહાવરો કરાવી.

આળ = ઘોડાની ગરદન પરના વાળ; કેશવાળી. (સિંહની ગરદન પર પણ એવા વાળ હોય છે):

અંધારી = બળદ, ઘોડાની આંખે ચામડાના ચશ્મા બાંધે છે તે.

તેજી = પાણીદાર; ઝડપથી ચાલે એવો.

તાબેદાર = તાબે રહેનાર, કહ્યાગરો.

કીમતી = ઘણી કિંમતનો; અમૂલ્ય

પાણીદાર = તેજી; બળવાન.

ખરીદ્યો = વેચાતો લીધો.

ઓળો = પડછાયો; છાયા.

ચમકતો = બીતો.

પંપાળી = હાથ ફેરવી.

થાબડી = ચપટે હાથે ધીમે ધીમે ઠોકી.

પૂરપાટ = સપાટાબંધ; ઘણી ઝડપથી

વશ = તાબે

જોદ્ધો = લડવૈયો

મુડદું = લાસ; શબ.

દરકાર = પરવા

વફાદાર = ધણીની સેવા બજાવનાર; નિમકહલાલ

સવાલ—ઘોડો શું શું કામમાં આવે છે? ગાય ને ઘોડાનો મુકાબલો કરો. ગાડીમાં જોડીએ છીએ ત્યારે ઘોડાને અંધારી કેમ પહેરાવીએ છીએ? ઘોડો ઘણો વફાદાર પ્રાણી છે તે દાખલો આપી સમજાવો.

સાર—જાનવરને સમજાવીને કેળવવાથી તે વશ થાય છે. (૨) તેના પર હેત રાખવાથી તે હળી જાય છે.

દેખાવડું પલોટી, ઊંચો, ગરદન, અંધારી કીમતી, પાણીદાર, હિંમત, સમજ્યો, થાબડી, પૂરપાટ, દોડ્યો, જોદ્ધો, મુડદાની.

પાઠ ૫ મો દીવાળી.

દીવાળી=વરસનો છેલ્લો દિવસ.
આતસફેરી=દેવતાની
બાજી=ખેલ; તમાસો.
આતસફેરી બાજી=દારૂખાનું ફોડવું તે.
હૃદેમાં=મનમાં.
દીસે=દેખાય.
પા ઘડી=થોડીવાર.
ખાસો=મજાનો
તમાસો=ખેલ.
કાંચન=સોનું.
કાંચન ઝાડ=સોનાનું ઝાડ
શાખા=ડાળી.
પત્ર=પાંદડાં.
માત્ર=ફક્ત
હવાઈ=ઊંચે હવામાં જઈ ફૂટે એવું દારૂખાનું.
ખરે=નીચે પડે.
નીરખો=જુઓ.
નવાઈ=અચરતી; અચંબો.
બાણુ=તીર.
તહાં=ત્યાં.
નભેથી=આકાશમાંથી.
જાણે ભલું બાણુ તહાં ચડાવ્યું. તારા નભેથી જઈ પાડી લાવ્યું=હવાઈ છોડી તે જાણે આકાશમાં તીર માર્યું તે જઈને આકાશમાંથી તારા પાડી લાવ્યું.
વહીપુજી=હિસાબના ચોપડાની પૂજા કરી.
વહી=હિસાબના ચોપડા
વંચે=વાંચે.
નામા=હિસાબ.
ખેંચે=લખે.
દેવાલાયો=દહેરાં.
અનકૂટ=રાંધેલાં ઘણાં અનાજનો ઢગલો.
હર્ષ = હરખ; આનંદ.
જનો = માણસો.

સમજુતી—જુઓ દારૂખાનું ફૂટી રહ્યું છે, તે જોઈને માણસ મનમાં ખુશી થાય છે; આ સારો ખેલ જોતાં થોડીવારજ દેખાય છે; એના જેવોજ આ દુનિયાનો ખેલ છે. (૧)

કોઠીમાંનો દારૂ સળગી ઊઠે છે, એ જાણે સોનાનું ઝાડ ઊગ્યું હોય એમ જણાય છે; અને તેની ડાળીઓ, પાંદડાં અને ફૂલો નીચે પડતાં દેખાય છે, તે ફક્ત જોવાથી ખુશી કરે છે. (૨)

હવાઈ સળગાવવાથી આકાશમાં ઊંચે જાય છે, અને તેમાંથી તારા નીચે પડે છે તે નવાઈ જુઓ, જાણે ત્યાં (આકાશમાં) મોટું તીર માર્યું તે આકાશમાં જઈને તારા પાડી લાવ્યું. (૩)

હિસાબના ચોપડાની પૂજા કરી પાન ને સાકર વહેંચે છે, અને નવા હિસાબ ઘણી ખુશીથી લખે છે; દહેરાઓમાં અનકૂટ પુરાય છે, અને માણસો ઘણાં આનંદી જણાય છે. (૪)

આતસકેરી, રુદેમાં, દીસે, ઘડી, કોઠીથી, નીરખો, ખુશીથી, અનકૂટ, હર્ષ,

પાઠ ૬ ઠ્ઠો ટેવ.

ભલાની = લાભની; ફાયદાની.

ટટાર = સીધા.

ટેવ = મહાવરો; આદત.

ચહેન = સુખ; નિરાંત.

એની મેળે = આપોઆપ.

આરામ = વિસામો.

એદી = ઘણો આળસુ.

બસ = જોઈએ તેટલી; પુરતી.

ચાલાકી = ચંચળાઈ; ચપળતા

સહેજ = જરા.

ટોકયો = ચેતાવ્યો.

પેન્સિલ = સીસાપેન.

ખોતરવો = ખણવો.

સાર—૧. ટટાર બેસવું. ૨. વાંચતી વખત ચોપડીમાં જોવું. ૩. શિક્ષક શિખવે ત્યારે શિક્ષક સામું જ જોવું ૪. દસ વાગે સૂવું ને છ વાગે ઊઠવું. ૫. કાન નાંકમાં આંગળી ઘાલવી નહિ. ૬. દાંત કાન ખોતરવા નહિ. ૭. લખતી વખતે પેન્સિલ મોંમાં ઘાલવી નહિ.

બોધ—નઠારી ટેવ પડવા દેવી નહિ.

સાંભળશો, અર્ધા, સૂઈ, ટટાર, ટેવ, દહાડા, ઊંઘથી, એદી, ઊઠવું, પૂરૂં, ટોકયો, પેન્સિલ.

પાઠ ૭ મો ભોથડ ભીમો ને મશ્કરો વીસીવાળો

ભોઠડ = અક્કલ વગરનો; ભોઠ; ભોટ.
બારેજડી = વડોદરાની ઉત્તરમાં ગામ છે
પાલેજ = વડોદરાની દક્ષિણમાં ગામ છે.
નૂર = ભાડું
જુક્તિથી=તદબીરથી; કળાથી.
ટીખલી = અટકચાળો, મશ્કરો
મશ્કરી = મજાક.
મુકામ = રહેઠાણ; વાસ.
દર્મિયાન = વચલા વખતમાં.
ખાતરી = નિશ્ચય; નક્કી.
ખિસિયાણો પડી ગયો = ઝંખવાઇ ગયો; શરમાઇ ગયો; લજવાઇ ગયો.
ફ઼ણ = ફ઼ાયદો.

સવાલ—ભીમાની વાત કહો.

સાર-ભોથડમાં ન ખપવા માટે કાળજી રાખવી.

ભોઠડ, વાણીઓ, છૂટું, નૂર, ઘાલ્યું, દિશા, વીસીમાં, ઊતર્યો, ધાર્યું જુક્તિથી, ઉઘાડી, ટીખલી, બચ્ચું, બિલાડું, મશ્કરી, મૂક્યું, ખૂબ, હસ્યો, દર્મિયાન, ખિસિયાણોજ,

પાઠ ૮મો. કાચબો ને હંસ.

સ્વચ્છ = ચોકખું

રળિયામણું = સુંદર; શોભિતું

વાચનમાળા = વાંચવાની ચોપડી.

સરસ્વતી = વિદ્યાદેવી

ચિત્ર = છબી

હંસ=એક જાતનું પંખી; સરસ્વતી તથા બ્રહ્માનું વાહન.

દુકાળ = અનાજ પાણી ન મળે એવો વખત.

વલે=હાલ; હવાલ; સ્થિત; દશા

વળવાનું = કામ થવાનું

છૂટવાનો = નીકળવાનો

રસ્તો = ઉપાય; ઇલાજ.

ચીપ = પટી.

નજર = આંખ; નીઘા.

અચંબો = નવાઈ; આશ્ચર્ય.

શોરબકોર = મોટો અવાજ; બુમાટ

ધ્યાન = ચિત્ત

શિખામણ = ફાયદાની વાત; બોધ; ઉપદેશ

સવાલ—કાચબો ને હંસની વાત કહો.

સાર--મિત્રની સારી શિખામણ પ્રમાણે ન ચાલવાથી નુકસાન થાય છે.

જીવડાંને, રળિયામણું, ચિત્ર, ચિત્રેલો, દોસ્તી, દિવસ, સુકાઇ, ચિંતા, છૂટવાનો, દાંત, ઊડીએ, મૂંગા, ઊડયા, શોરબકોર, ધ્યાન, ઉઘાડયું; શિખામણ.

પાઠ ૯ મો કૌશલ્યા ને રામ વચ્ચે વાતચીત.

કૌશલ્યા = દશરથના પટરાણી; રામની મા

કાલા = કાલુ કાલું ને બરાબર ન સમજાય એવું બોલનારા.

કાલું કાલું = મીઠું મીઠું

કોમળ = નાજુક.

દેહડી = દેહ; શરીર

લાડકવાયા = લાડમાં ઉછરેલા; લાડકા.

તંન = છોકરો.

રેવાય = રહેવાય

મુંને = મને.

વનકુળ = ઝાડની છાલનાં લુગડાં; વલ્કલ.

તજી = છોડી.

સૂણી = સાંભળી.

સુખદાતાં = સુખની આપનારી

ગિરધર = એનામનો વૈષ્ણવ કવિ

સમજુતી—રામચંદ્રજી વનમાં જવા માટે કૌશલ્યા માની રજા લેવા આવ્યા, ત્યારે કૌશલ્યા, મા એમ બોલ્યાં કે ઓ મારા વહાલા કાલા કુંવરજી, તને જંગલમાં જવા દઇશ નહિ. (૧)

ઓ મારા વહાલા, કાલા કુંવરજી, મારા લાડકા છોકરા, તારૂં શરીર ઘણું કોમળ છે. (૨)

ઓ મારા વહાલા, કાલા કુંવરજી, જેમ બીજું કોઇ જાણે નહિ તેમ તને મારી વાડીમાં સંતાડી રાખું. (૩)

ઓ મારા વહાલા, કાલા કુંવરજી, મારાથી તો તારા વગર રહેવાશે નહિ, તો મને મૂકીને તમે કેવી રીતે જશો? (૪)

ઓ મારા વહાલા, કાલા કુંવરજી, સારાં લુગડાં પહેરવાનું સુખ છોડીને વનમાં ઝાડની છાલનાં લુગડાં કેમ પહેરશો? (૫)

કૌશલ્યાના એવાં વચન સાંભળીને રામજી બોલ્યા, ઓ સુખ આપનારા માતાજી સાંભળો, તમે મનમાં ધીરજ રાખો.(૬)

ઓ સુખ આપનારા માતાજી સાંભળો, હું થોડા વખતમાં પાછો આવીશ, માટે તમે મને વનમાં જવાની રજા આપો. (૭)

બોધ—માબાપનો હુકમ માનવો.

કૌશલ્યા; બોલ્યાં; વાડીમાં; આજ્ઞા;

પાઠ ૧૦ મો સસલું.

ટોળેટોળાં=ભેગાં થઇને; એકઠા
બીકણુ = ડરકણુ; બીએ એવા
બચાવ = રક્ષણ.
જથાબંધ = સાથે ભેગાં થઇ.
સંભાળ=બરદાસ;જતન; રક્ષણ
રૂંવાંટાં = કુમળા ઝીણા વાળ
ચકચકતી=ચળકાટ મારતી

કૂદકો ભરતું=ઠેકડા મારતું
મળતા = જેવા; બરાબર.
રહેઠાણ = વાસ; મુકામ.
કોળ = મોટો ઉંદર
નાશ કરવો = મારી નાખવું
લીલોતરી = ઝાડપાન.
ચપળ = ચાલાક.
કૂદકો = છલંગ· ફાળ.

સવાલ–સસલાં ક્યાં જોવામાં આવે છે ? સસલાં પોતાનો બચાવ કરવા માટે શું કરે છે ? પાળેલાં સસલાંને પાંજરામાં રાખવાનું કારણ શું ? સસલાના શરીરનું વર્ણન કરો. સસલાના કાન કયારે ઉભા થઈ જાય છે ? સસલું કૂદકા ભરતું કેમ ચાલે છે ? સસલાના પંજા કોના જેવા હોય છે ? નખ કોના જેવા હોય છે ? દાંત કોના જેવા હોય છે ? આગલા દાંત કેવા હોય છે ? સસલું શું શું ખાય છે ? સસલું કોની પેઠે

આંધળું જન્મે છે? જાનવરો સસલાનો નાશ ન કરતા હોત તો શું થાત? સસલું ગરીબ પ્રાણી છે તેથી ઇશ્વરે એનાં આંખ, કાન અને પગ કેવાં બનાવ્યાં છે?

સાર—પરમેશ્વરે દરેક પ્રાણીનાં શરીરના ભાગો તેનું રક્ષણ થાય એવા બનાવ્યા છે.

ટોળેટોળાં; પાંજરામાં; સુંવાળાં; રૂંવાંટાં; પૂંછડી; કૂદકો; રહેઠાણ; ચપટા; પાંદડાં; કુતરાં; બિલાડાં; આંધળાં; ઈશ્વરે.

પાઠ ૧૧ મો ભલાં મહારાણી વિકટોરિઆ.

મહારાણી = મોટાં રાણી.
વિકટોરિઆ = હિંદુસ્તાનનાં મહારાણી.
કારભાર = વહીવટ
હાથમાં = તાબામાં
વેપારી મંડળ=ઈસ્ટ ઈંડીઆ કંપની.
બળવો = બંડ; હુલ્લડ.
અમલ =રાજ્યકારભાર; સત્તા
અલાહાબાદ=ગંગા ને જમના નદીના સંગમ પર શહેર છે તે; પ્રયાગ.
વચન = કોલ; કબુલાત.
આબાદી = ચઢતી.
શાંતિ = સુખ; નિરાંત.
દયાળુ = દયાવાળાં.
અમલદાર = અધિકારી.
સહી = મતુ; કબુલાત; મંજુરી.
લાભમાં = ફાયદાને માટે.
દિલગીર = નાખુશ.
જોદ્ધો = લડવૈયો.
ચાલ = રીતભાત; વર્તણુક.
ઉપકાર = પાડ; આભાર.
માફી આપી = છોડી દીધો.

વખતસર=મુકરર કરેલા વખતે
આતુર = ખુશી
રાહ = વાટ
શરમિંદી પડી = શરમાઈ

સવાલ—મહારાણીથી ભલાં ને દયાળુ હતાં તેની વાત કહો.

વિક્ટોરિઆ; સિપાઈઓનો; અલાહાબાદ; ઈનસાફ; શાંતિ;દયાળુ; પૂછ્યું; દિલગીર; ખુશ; ધ્રૂજતો.

પાઠ ૧૨ મો અણસમજુ ને સમજુ ઘેટાં.

અણસમજુ=સમજણ વગરના
સમજુ = સમજવાળા.
ઢોળાવ = ઢાળ; ઢળાણ.
જોસમાં = ઝપાટાબંધ.
હઠે = જીદે
ટક્કર=માથેમાથું અફળાવું તે.
અજમાવ્યું=વાપર્યું; બતાવ્યું
માંહોમાંહ્ય = પરસ્પર; એક બીજામાં
જોસથી = એકદમ.
ધક્કો = હડસેલો.
ટક્કર લડાવી = માથે માથા અફાળ્યા
જોખમ = નુકસાન; હાનિ.
રસ્તો માપવો = રસ્તો કાઢવો; નિકાલ કરવો.
શાણાં = ડાહ્યાં.
હઠીલાં =જીદ્દી; જક્કી; મમતી.
મદદગાર = મદદ કરનાર; આશરો આપનાર.

સવાલ—અણસમજુ ને સમજુ ઘેટાંની વાત કહો.

બોધ—૧) અઘરૂં કામ પણ સંપીને કરવાથી સહેલું થાય છે. ૨) વખત વિચારીને ચાલવું.

અણસમજુ; ઢોળાવ; ટક્કર; શીંગડાં; અથડાયાં; માંહોમાંહ્ય; કૂદ્યાં; ધક્કો; ઊંડી; સૂઝયો; હઠીલાં; મદદગાર.

પાઠ ૧૩ મો પ્રહલાદ.

પ્રહ્લાદ=હિરણ્યકશિપુ રાક્ષસનો પુત્ર; વિષ્ણુનો ભક્ત.
બળીઓ = જોરાવર; બળવાન.
સતાવતો=પજવતો; દુઃખ દેતો.
કટ્ટો = ખારીલો; દુશ્મનાઇ છોડે નહિ એવો.
દુશ્મન = શત્રુ; વેરી.
ભગવાન = પરમેશ્વર; પ્રભુ.
ભજન = ભક્તિ
બિલકુલ = જરાપણ; લગારે.
બારાખડી = પદ.
રામ=ભગવાન
માથું ધુણાવતો=ના કહેતો.
રામ વિના=ભગવાન વગર.
શીશ=માથું; શિર.
ડોલાવે=હલાવે
જોડીદારો=સાથીઓ; જોડે ભણનારા.
થાકયા=કંટાળ્યા; કાયર થય.
હકીકત=વાત.
ધમકાવ્યો=ધમકી આપી; બીક બતાવી.
બીક=ધાક; ડર.
લગારે ડગ્યો નહિ=જરા પણ વિચાર બદલાયો નહિ.
મન ઘાલ=ચિત્ત પરોવ; ધ્યાન રાખ
હઠ=મમત.
વીનવ્યો=સમજાવ્યો
લેખવ્યાં=ગણકાર્યાં; પત કર્યાં
લાલચોળ=ઘણોજ ગુસ્સે
ડોળા કાઢી=ધમકી આપી
સંભાર્યા=યાદ કર્યાં; સમર્યા.
એકદમ=તરત
બિહામણું=ભયંકર; વિકરાળ
ધ્રૂજવા=થરથરવા
નાશ કર્યો=મારી નાખ્યો

સવાલ—પ્રહ્લાદના બાપનો નાશ કેવી રીતે થયો ?

બોધ—સાચા ભાવથી પરમેશ્વરની ભક્તિ કરવામાં આવે, તો પરમેશ્વર મદદ કર્યા વગર રહેતા નથી.

પ્રહલાદ; સતાવતો; વિષ્ણુ; ભગવાનનો; કટ્ટો; દુશ્મન; બિલકુલ; ધુણાવતો; શીશ; ધમકાવ્યો; ડગ્યો; હઠ; વીનવ્યો; ગુસ્સો; સંભાર્યા; અર્ધું; ધ્રૂજવા.

પાઠ ૧૪ મો પ્રહલાદને શિખામણ.

તાતતણું=બાપનું
માન=આબરૂ; મોટાઇ
રંગીલા=આનંદી.
પાય લાગજે=પગે લાગજે.
કીજીએ=કરીએ.
દિન=દહાડો
રળિઆત=આનંદી; ખુશ; મગન
વાટ=રસ્તો.
મોટવડાઇ=મોટપણું; મોટી મોટાઇ.
લોપીએ=છોડી દઇએ.
ધર્મ=ફરજ; કરવાનું કામ; કર્તવ્ય
પંડને=શરીરને; દેહને
પાવન=પવિત્ર; ચોકખી.
નિર્મળ=ચોકખા; મેલ વગરના
શુદ્ધ=ચોકખું; સ્વચ્છ.
પોઢીએ=સૂઈએ.
હસ્તે=હાથ વડે
તરણું=ઘાસ; તૃણ.
હૃદેમાં=મનમાં
કાળિદાસ=ભોજ રાજાના વખતમાં કવિ થઈ ગયા તે.

સમજુતી—ઓ આનંદી છોકરા, તું બાપના કહ્યા પ્રમાણે કરજે, ઓ આનંદી છોકરા, તું માને પગે લાગજે. (૧)

ઓ આનંદી છોકરા, રમતાં ગુસ્સો કરીશ નહિ, ઓ આનંદી છોકરા, રાત દહાડો ખુશ રહીએ. (૨)

ઓ આનંદી છોકરા, દેવતામાં હાથ ઘાલીએ નહિ, ઓ આનંદી છોકરા, સાંકડે (ગલીકુંચીને) રસ્તે જઇએ નહિ. (૩)

એ આનંદી છોકરા, આપણી મોટાઇ છોડીએ નહિ, એ આનંદી છોકરા, ઘરમાં આપણી ફરજ બજાવીએ. (૪)

એ આનંદી છોકરા, ચોકખા પાણીથી નાહીએ, એ આનંદી છોકરા, શરીરને પવિત્ર રાખીએ (૫)

એ આનંદી છોકરા, મેલાં લુગડાં પહેરીએ નહિ, એ આનંદી છોકરા, શરીર ચોકખું રાખીએ. (૬)

એ આનંદી છોકરા, સવારના પહોરમાં સૂઈ રહીએ નહિ. એ આનંદી છોકરા, હાથ વતી ઘાસ તોડીએ નહિ, કારણ કે માંહે ભરાઇ રહ્યું હોય તો તે કરડે. (૭)

એ આનંદી છોકરા, મેં એવી જે વિદ્યા શીખવી તે, એ આનંદી છોકરા, તારા મનમાં રાખજે. (૮)

સાર—૧) બાપ કહે તેમ કરવું ૩) માને પગે લાગવું. (૩) રમતાં રીસ કરવી નહિ. ૪) રાત દિન આનંદમાં રહેવુ: ૫) બળતામાં માથ ઘાલવો નહિ. ૬) ગલીકુંચીને રસ્તે જવું નહિ. ૭) આપણું માન ગુમાવવું નહિ. ૮) ઘરનું જે કામ આપણે કરવાનું હોય તે કરવું. ૯) શરીર ચોકખું રાખવું. ૧૦) ચોકખા પાણીથી નહાવું. ૧૧) મેલાં કપડાં પહેરવાં નહિ. ૧૨) સવારમાં સૂઈ રહેવું નહિ. ૧૩) હાથથી ઘાસ તોડવું નહિ.

દિન, વાટ, નિર્મળ. શુદ્ધ, વિદ્યા, હૃદેમાં.

પાઠ ૧૫ મો કુતરો.

પોળોમાં=શેરીમાં; ફળીઆમાં; મહોલ્લામાં
રખડતાં=ધણી વગરનાં.

હડે હડે કરે છે=કાઢી મૂકે છે
દેખાવડાં=શોભિતાં
વફાદાર=નિમકહલાલ; ધણીની સેવા કરનાર
જોખમમાં=નુકસાનમાં; આફતમાં
ખાડાખૈયા=ખાડાટેકરા
અટકતું=થોભતું; ઊભું રહેતું
ચેતતો=સમજતો
સાચવીને=સંભાળીને; જાળવીને
ચતુર=ડાહ્યું:શાણું; સમજુ
ચોકી=તપાસ;દેખરેખ; સંભાળ
સંકોચાઇ=સંકડાઇ
ચીબાં=ચપટાં; બેઠેલાં
અણીદાર=અણીવાળા
અક્કડ=ટટાર
લડબડતા=ઝુલતા; લટકતા
મદદ=આશરો; આધાર
ચંચળ=ચાલાક; ચપળ
ગંધ=વાસ
જડબાં=ડાચાં
લટકતી=લબડતી
લાળ=ચીકણું થુંક
મોંવાટે=મોંને રસ્તે

સવાલ–રખડતાં અને પાળેલાં કુતરાના દેખાવમાં શો ફેર હોય છે? આ પાઠમાં આવેલા વફાદાર ને ચતુર કુતરાની વાત કહો. કુતરાના શરીરનું વર્ણન કરો. કુતરાના ક્યા ક્યા ભાગ ચંચળ હોય છે? આપણો પરસેવો શરીર વાટે નીકળે છે, કુતરાનો પરસેવો કયે વાટે નીકળે છે? કુતરા શું શું કામ કરે છે? કુતરો કેવું પ્રાણી કહેવાય? જ. શિકારી.

બોધ–કુતરાની પેઠે આપણે માબાપ; ગુરુ, શેઠ અને રાજા તરફ વફાદાર રહેવું જોઇએ.

ગંદાં, ખાડાખૈયા, અટકતું, ચેતતો, તપાસ્યાં, ટૂંકા, અક્કડ, લબડતા, દૂરથી, ગંધ, જડબાં.

પાઠ ૧૬મો ન્યાય જોવો હોય તો મલાવ જુઓ.

ન્યાય=ઈનસાફ

ન્યાયી=ઈનસાફી

ઉદાર=મોટા મનનો; સખી

સિદ્ધપુર=એ સરસ્વતી નદીને કાંઠે જાત્રાનું ઠેકાણું છે.

રુદ્રમાળ=મહાદેવનું દહેરું

શાણી=ડાહી; સમજુ

મોટામનની=ઉદાર; સખી

કેળવવાનો બોજો=અકકલ વધારવાનું કામ

મલાવ=એ નામનું મીનળદેવીએ બંધાવેલું ધોળકામાં તળાવ છે.

મનમાનતી=મન ખુશ થાય એટલી

રકમ=રૂપીઆ; ચીજ

સલાહ=અભિપ્રાય; વિચાર

ખાનગી=પોતાની

ખુલ્લો=દેખીતો

ગેરઈનસાફ=અન્યાય

બેડોળ=ઘાટ વગરનો; કદરૂપો

શોખ=ઇચ્છા; મરજી

ખાતર=માટે

શાબાશ=ધન્ય

કહેવત=કહેતી

સવાલ—ન્યાય જોવો હોય તો મલાવ જુઓ. એ કહેવત શાથી પડી? સિદ્ધપુર કઈ નદી પર આવેલું છે? રૂદ્રમાળ એટલે શું? એ કોણે બંધાવ્યો ને કોણે પુરો કર્યો? સિદ્ધપુર નામ પડવાનું કારણ શું? સિદ્ધપુર શાને માટે પ્રખ્યાત છે? સિદ્ધરાજના બાપ અને માનું નામ કહો. મીનળદેવી ન્યાયી હતાં તે તમે શા પરથી કહી શકો છો.

સાર—આપણી પાસે સત્તા હોય તોપણ સત્તાનો ખોટો ઉપયોગ કરવો નહિ.

ન્યાય, સિદ્ધરાજ જયસિંહ, સિદ્ધપુર જાત્રાનું, સરસ્વતીને, કિનારે, રુદ્રમાળ, મીનળદેવી, માલિક, મિલ્કત, ગેર ઈનસાફ.

પાઠ ૧૭મો મારી ફૂલવાડી.	કેટલાંક=કોઇ કોઇ
ખાધેપીધે સુખી=સાધારણ સારી સ્થિતિવાળા.	ગુણ=ફાયદો; લાભ
	ધૂણી=ધુમાડો
અચરવાળ=છોકરાં છૈયાંવાળી	મથાળે=ઉપલે ભાગે
હંમેશ=દરરોજ; નિત્ય	ખુશબોદાર=સુગંધીવાળા
છાયા=પડછાયો; ઓળો	બારમાસી=બારે માસ ઊગે એવો છોડ.
સુગંધ=સારી વાસ	

સવાલ—તમે જોયાં હોય તે ઝાડનાં નામ દો. લીમડો, બોરસલી; આમલી, આંબો ને કેળ શું કામમાં આવે છે? લીમડાનાં લાકડા તથા પાંદડાંનો ઉપયોગ કહો. લીમડાનાં ઝાડ કેટલી તરેહનાં થાય છે ને તે કયા કયા? ફૂલઝાડ ગણાવો.

તુલસીદાસ, ઈંદુ, મણિધર, કુસુમ, ધૂણી જાસુસનું, મથાળે, ખુશબોદાર, ઉનાળામાં.

પાઠ ૧૮ મો પાણીનાં ટીપાંની મુસાફરી	ધાર્યું=વિચાર કીધો
	શુભપેર=સારી રીતે
મુસાફરી=સફર	વાદળ=વાદળાં
સાગર ઘેર=દરિયામાં	પૂર=જોસમાં; ઝડપથી

દૂર=આઘે
ભટક્યાં=રખડયાં; અટવાયાં
પેર=રીતે
છેવટ=આખરે

સમજુતી—પાણીનાં કંઈ નાનાં ટીપાં દરિયામાં રહેતાં હતાં, તેઓએ એક વખત મનમાં સારી રીતે હરવા ફરવાનો વિચાર કીધો. (૧)

ત્યાં વાદળાંની ગાડી બનાવી, તે ગાડી પવને જોસ્સામાં હાંકી, તેથી હરતાં ફરતાં જંગલ ને ગામ ઉપર થઈ આઘે નીકળી ગયાં. (૨)

પણ અરે ! તેઓ તો ઘણા હતા એથી ગાડી ભાંગી, તેથી તેઓ બિચારાં ગભરાઈને ત્યાંજ નીચે તૂટી પડયાં. (૩)

પછી તેઓ તો લીલ અને ઘાસમાં સારી રીતે અટવાયાં, આખરે એક નદી તે બધાને પાછા તેમને ઘેર લઈ. (૪)

ધાર્યું, પૂર, દૂર, બિચારાં, તૂટી, વિષે, ભટક્યા.

પાઠ ૧૯મો ધર્મસેન ને પાપસેન ભાગ ૧ લો.

ધર્મસેન, પાપસેન } માણસનાં નામ છે
દાનત=વિચાર.
બુરી=નઠારી; ખરાબ
ફોસલાવીને=ખોટું સમજાવીને; પટાવીને
પુષ્કળ=ઘણો
પચાવી પડીશ=લઈ લઈશ
ધારી=વિચારી; સમજી
પરદેશ=બીજો દેશ; પારકો દેશ
મુસાફરી=દેશ દેશ ફરવું તે
ચતુર=ડહાપણવાળી
વાણીની=બોલની
જાળમાં=લુચ્ચાઈમાં; ફાંદામાં
લપટાયો=ફસાયો
ફોલી ખાશે=સમજાવી પટાવી

લઇ લેશે.
ચોકખું=પાપ વગરનું; નિખાલસ
લુચ્ચાઈ=કપટ; છેતરપંડી
માન્યું=કબુલ કર્યું

ધર્મસેન, દાનતનો, પુષ્કળ, ચતુર, લુચ્ચાઈ.

પાઠ ૨૦ મો ધર્મસેન ને પાપસેન ભાગ ૨ જો,

ખાલી=પૈસા વગરનો
સરકાર=રાજા
વનદેવી=વનની દેવી
સાક્ષી=સાહેદ; નજરે જોનાર
બખોલ=પોલાણ
ન્યાયાધીશ=ઇનસાફ કરનાર અમલદાર
મારે માથે પાપ કોણ ઓરાઢે છે=મને કોણ પાપી ઠરાવે છે.
જાહેર=જાણીતું
ઘટતી=લાયક; જોઇએ તેવી
ખાડો ખોદે તે પડે=બીજાને નાખવા માટે ખાડો ખોદે, તો તેમાં તે પોતેજ પડે. મતલબ કે બીજાને નુકસાન કરી પોતાનું ભલું કરવા ધારે તો તેને પોતાનેજ નુકસાન થાય.

સવાલ—ધર્મસેન ને પાપસેનની વાત કહો.

સાર—'ખાડો ખોદે તે પડે' 'વાવે તેવું લણે, કરે તેવું પામે'

પૂછ્યું, ફરિયાદ સાક્ષી, ન્યાયાધીશ,

પાઠ ૨૧ મો. ધણીનું ધાર્યું થાય.

ધણીનું ધાર્યું થાય=પરમેશ્વરની મરજી પ્રમાણે થાય
ધાર્યું=ધારેલું; મરજી પ્રમાણે
મિથ્યા=ફોકટ; નકામો
મલકાય=ખુશ થાય
નરનાથી=માણસનાથી
નીપજે=થાય
ધાય=દોડે; જાય

કર્તા=પરમેશ્વર; બનાવનાર	ભાણે ભર્યાં=થાળીમાં પીરસેલ;
કરુણા=મહેર; દયા	આશા=ઉમેદ
ધરી રહે=એમની એમ રહે	અંતરમાં=મનમાં
ધારણા=વિચાર; અટકળ	અલ્પબળ=થોડા બળવાળો
ધારણા ધરી રહે=વિચાર એમના એમ રહે; વિચાર પ્રમાણે થાય નહિ	આદમી=માણસ
	ફોકટ=નકામો; મિથ્યા
	શીદ=શા માટે
ભાણે=ભાણામાં	ફુલાય=ખુશ થાય.

સમજુતી—માણસ સમજે છે કે મેં કર્યું, એમ સમજી મનમાં ફોકટ ખુશ થાય છે. માણસનાથી કંઇ થઇ શકતું નથી, પરમેશ્વરની મરજી પ્રમાણે થાય છે. (૧)

વાણીઆ પૈસા કમાવા માટે વહાણમાં બેસીને પરદેશ જાય છે, પણ તે પૈસા લાવે કે પોતે પાછો આવેજ નહિ. પરમેશ્વરની મરજી પ્રમાણેજ થાય છે. (૨)

પરમેશ્વરની મહેરબાની વગર આપણાથી કંઈ પણ કરી શકાય નહિ; આપણા વિચાર એમના એમ રહે છે. પરમેશ્વરની મરજી પ્રમાણેજ થાય છે. (૩)

થાળીમાં પીરસેલાં જમણો જમ્યા વગર એમના એમ રહી જાય છે, ને મનની ઉમેદ મનમાંજ રહે છે. પરમેશ્વરની મરજી પ્રમાણેજ થાય છે. (૪)

અરે થોડા બળવાળા માણસ, તું નકામો શું કરવા ફુલાય છે? દલપતરામ કવિ કહે છે, કે જગતમાં પરમેશ્વરની

મરજી પ્રમાણેજ થાય છે

બોધ—માણસનું ધારેલું કંઇ પણ થતું નથી, પણ પરમેશ્વરની મરજી પ્રમાણેજ બધું થાય છે.

ધણીનું, ધાર્યું, મિથ્યા, વાણીઆ, કર્તાની, કરુણા, ભર્યા, શિદ.

પાઠ ૨૨ મો નમનતાઈ રાખો.

નમનતાઈ=નમ્રતા; વિનય
શાહનશાહ=મહારાજાધિરાજ; મહારાજાના પણ રાજા
બદલવાના=ફેરફાર કરવાના
પોશાક=પહેરવેશ
પારખે=ઓળખે; જાણે
ફંટાતો=બદલાતો
પાસ=બાજુ; તરફ
સત્તા=હુકુમત
દમામ=ભપકો; રોપ
અક્કડ=અભિમાની: અભિમાનનનો ભરેલો
ધરે=ચલાવે; કરે
સફાઇથી=રોપથી; ખંચાયા વગર; ચોકખી રીતે
મગરૂરીમાં=મોટાઇમાં; અભિમાનમાં
તસ્દી=મહેનત; તકલીફ
પાયરી=દરજ્જો; હોદ્દો
બેદરકારી=બેફીકરાઇ
ઉડાવ્યો=કાઢયો
અચંબો=નવાઇ; આશ્ચર્ય
નાયક=સિપાઇનો ઉપરી
હવાલદાર=નાયકનો ઉપરી
જમાદાર=હવાલદારનો ઉપરી
સેનાપતિ=લશ્કરનો ઉપરી
ફિક્કું પડયું=ઉતરી ગયું; ઝંખવાઈ ગયું
સાદે=અવાજે
ખુદ=પોતે
હાથે ને પગે પડી=ઘણી નમનતાઇ બતાવી
ઉપકાર=આભાર; પાડ

ઉછાંછળો=ઉદ્ધત
ખડી=હાજર
આડે માર્ગે=ખોટે રસ્તે
આખી જિંદગીમાં=મરતાં સુધી

સવાલ—જમાદાર અને શહનશાહ વચ્ચે થએલી વાતચીત કહી જાઓ.

સાર—કોઇપણ માણસ સાથે તોડછાઇથી બોલવું નહિ, પણ નમનતાઇથી બોલવું.

એલેક્ઝાન્ડર, પોશાક, ફૂંટાતો, પૂછયો, તસ્દી, ધુમાડો, ઉડાવ્યો, ફિક્કું, જિંદગીમાં.

પાઠ ૨૩ મો શ્રાવણ.

શ્રાવણ=એક બ્રાહ્મણ પુત્રનું નામ
યાત્રા=જાત્રા
કાવડ=બે છેડે સીકાં બાંધેલી કામઠી
ખાંધે=ખભે
ધન્ય=શાબાશ
ઉત્તમ=સૌથી સરસ; શ્રેષ્ઠ
સેવા=ચાકરી
બાણ=તીર
કમનસીબે=દૈવયોગે
હૃદય=લોહીની ટાંકી
દિલગીર=નાખુશ; શોકાતુર
પણે=પેલી તરફ
વાટ=રાહ
સાદ=અવાજ
પારખ્યું=જાણ્યું
બેભાન=ભાન વગરના; બેશુદ્ધ
છાતીફાટ=ઘણુંજ
મુડદું=લાસ; મરી ગએલું પ્રાણી
રત્ન=આંખ; આધાર
અફસોસ=દિલગીર
શાંતિ=ધીરજ; સબુરી; નિરાંત
ઉશ્કેરાયાં=ખીજવાયાં
શાપ=બદદુવા
વિજોગથી=જુદા પાડવાથી

ઝૂરી ઝૂરીને=મનમાં બળી બળીને; બહુ દુઃખ પામીને

કકળતાં=બહુ દુઃખી; દુઃખથી [રોતાં

પૂણ્યો=ફળ્યો

સવાલ—શ્રવણની વાત કહો.

સાર—૧. વગર વિચારે કામ કરવું નહિ. ૨. માબાપની ખરા ભાવથી સેવા કરવી.

શ્રવણ, બ્રાહ્મણ; જડયું, ભડુક, માર્યું, દશરથે, છાતીફાટ, મુડદાં, રત્ન, અફસોસ, શાંતિ, ઉશ્કેરાયા, વિજોગથી, ઝૂરી ઝૂરીને, શાપ, પૂણ્યો.

પાઠ ૨૪ મો. ગુલાબ.

મલકાય=ધીમું ધીમું હસે

તુજ=તારા

હર્ષ=આનંદ; હરખ

લ્હેરાય=લહેર આવે

નીરખી=જોઈ

કાલું=મધુરૂં

હાસ કરતું=હસતું

પવનસંગ=પવનની સાથે

રંગે=ખુશીથી

સુગંધ=ખુશબો; સારી વાસ

ચોગમ=ચારે તરફ

ભમે=ફેલાય

કોમળ=નાજુક

સુકુમાર=ઘણી નાજુક

મૃદુ=ધીમું

હસતાંવાર=હસતી વેળા

મધુર=મીઠું

મુજ=મારી

ફૂલછાબ=ફૂલની છાબડી

દમું=દુઃખ દઉં

સમજુતી—હે ગુલાબના ફૂલ! તારા મનમાં હરખની ઘણી લહેર આવે છે, તેથી તું કેવું ધીમું ધીમું હસે છે!

તું આકાશને જોઇ જોઇને કંઇ મધુરું હસતું. (૧)

પવનની સાથે તું ખુશીથી રમે છે, તેથી તારી મીઠી ખુશબો ચારે તરફ ફેલાય છે. તારી પાંખડી નાજુક, ઘણી નાજુક છે તેથી તું ધીમું હસતી વખતે રંગ ધરે છે. (૨)

ઓ મીઠા ગુલાબ! મારી ફૂલની છાબડી ભલે ખાલી રહે; પણ હું તને તોડીને દુઃખ નહિ દઉં, તને દૂરથી જોઇને સુખમાં રમું. (૩)

હર્ષ, લહેરાય, નીરખી, સુગંધ, મૃદુ,

પાઠ ૨૫ મો હોળી.

હોળી=ફાગણ સુદ પુનેમ: હુતાશની
છૂટ=પરવાનગી; રજા
નાકે=છેડે
ચોગાનમાં=ખુલ્લી જગામાં
આંબામોર=આંબાના ફૂલ
વધાવે=પધરાવે; નાખે
પ્રદક્ષિણા=ફેરા
રીઝવ્યા=ખુશ કર્યા
પ્રસન્ન=ખુશ; રાજી
પત કરતી=ગણકારતી; લેખવતી
કંટાળ્યા=કાયર થયા
વસિષ્ઠ=સપ્ત ઋષિમાંના એક; અયોધ્યાના રાજાના કુળગુરુ
યુક્તિ=તદબીર; જુક્તિ
નઠારા શબ્દો=ખરાબ શબ્દો
જાતેજ=પોતાની મેળે
હોલિકા=ઢુંઢા; હોડા

સવાલ—હોળી કયે દિવસે આવે છે? હોળીના દહાડામાં છોકરાઓ શું કરે છે? હોળી કઇ જગાએ સળગાવવવામાં આવે છે? હોળીમાં શું શું વધાવે છે? હોળી વિષે વાત કહો.

સાર—કોઈના ચીડવ્યાથી ચિડાઈ આપણી જાતને નુકસાન કરવું નહિ.

મશ્કરી, છૂટ, નાળિયેર, પ્રદક્ષિણા, રાક્ષસી, પ્રસન્ન, કંટાળ્યા, વસિષ્ઠ ઋષિ, ચિડવવી, હોલિકા.

પાઠ ૨૬ મો મા તરફ ફરજ.

ફરજ=કરવા લાયક કામ
દરકાર=સંભાળ; બરદાસ
તજી=છોડી.
ચીવટ=કાળજી; ખંત
મામો=માનો ભાઇ
માસી=માની બેન
ઉપકાર=પાડ; આભાર
વહાલ=પ્યાર; હેત
ભલું=કલ્યાણ; સારૂં
સિકંદર=ગ્રીસ દેશનો રાજા; એલેક્ઝાંડર
બાદશાહ=મુસલમાન રાજા; પાદશાહ
સ્નેહ=હેત; પ્રીતિ; પ્યાર
હાથ આવતી=મળતી
ભેટ=ઇનામ;ખુશ થઇ આપવું તે
સ્વભાવ=ખાસીઅત; ટેવ
તરેહવાર=નવાઇ જેવો
ગેરહાજરીમાં=હાજર નહિ હોય તે વખતમાં
ખટપટ=તકરાર
ફરી ફરી=વારંવાર; વારે ઘડીએ
વજીર=પ્રધાન
ઉપરા ઉપરી=એક પછી એક
સખત=આકરા;ખોટું લાગે એવા
ફરિયાદ=રાવ
ચિડવાઇ=ખીજવાઇ
ઉત્તર=જવાબ
બસ=પુરતું; જોઇએ તેટલું
આબાદ=ખરો; જબરો; અંતરનો

સવાલ—બાળકની દરકાર કોણ લે છે? બાળક દુઃખ પામે છે ત્યારે કોણ દુઃખી થાય છે? બાળક માટે પોતાનું

સુખ કોણ છોડી દે છે? બાળકને માટે મા સિવાય બીજા કોને ફીકર હોય છે? બાળકને પહેલું ને વધારે શીખવાનું કોના તરફથી મળે છે? માના ઉપકારનો બદલો કેવી રીતે વાળશો? સિકંદર ને એની માતા સંબંધની વાત કહો.

બોધ—મા તરફ વહાલ રાખવું ને તે કહે તેમ કરવું.

સિકંદર, સ્નેહ, ખટપટ, ચિડવાઇને.

પાઠ ૨૭ મો વાંદરી

આસેપાસે=આસપાસ
પૂંછ=પૂંછડું
વાળતણો=વાળનો
ગૂછ=ભારો; જથો; સમુહ
ઠરી=નિરાંતે
ફાળ=કુદકા
દાંત પીસી=ગુસ્સે થઇ
ચાળા=હાવભાવ
નકલ=બીજાનું જોઇ તે પ્રમાણે કરવું છે તે
વાંદર ઠરે=વાંદરા જેવો ગણાય
પેટ ભરે=ગુજરાન કરે

સમજુતી—જો પેલી વાંદરી આસપાસ ફરીને જોતી ઊભી છે, એનું પૂંછડું કેવું લાંબું છે! પાછળ વાળનો ભારો છે. (૧)

ત્યાં કોઇએ ચણા નાંખ્યા તે ઉપાડીને ચપચપ ખાય છે. ઝડપથી બંને ગાલોમાં ભરીને પછી બેસીને નિરાંતે ખાય છે. (૨)

પેટે બચ્ચાને બઝાડીને એક ઝાડ પરથી બીજા ઝાડ પર કુદકા મારે છે, કોઇ એને ખીજવવાની વાત કરે એટલે ખીજને તો એ કચકચ કરતી દાંત પીસે છે. (૩)

જેવા શિખવીએ તેવા એ ચાળા કરે છે, તેથી જુઓ કે મદારી પોતાનું પેટ ભરે છે. જે સમજ્યા વગર બીજાનું જોઈ તે પ્રમાણે કરે છે તે તો નક્કી વાંદરા જેવો ગણાય છે. (૪)

પૂછ ગૂછ, બંને, દાંત, સમજ્યા.

પાઠ ૨૮ મો ઇદ.

ઇદ=ફરીથી આવનાર; મુસલમાનનો મોટો તહેવાર
મુસલમાની વરસનો છેલ્લો મહીનો=ઝિલ્હજ
મક્કા=મુહંમદ પેગંબર સાહેબની જન્મભૂમિ
હજ્જ=જાત્રા
તારીખ=તિથિ· દિવસ
ધામધૂમથી=ઠાઠમાઠથી
ખુદાને=પરમેશ્વરને; અલ્લાને
અર્પણ કરવા=ભેટ આપવા; ભોગ આપવા
યાદગીરી=નામના
કુરાન=મુસલમાનનું ધર્મ પુસ્તક
સ્વપ્નું=ઊંઘમાં આવતા વિચાર
તું વિચાર કર=તારે માટે મારે શું કરવું તેની તું સલાહ આપ
હુકમ=આજ્ઞા
રહેમ=મહેરબાની
ધીરજવાન=દુઃખથી નહિ ડરનાર; સંકટની પરવા ન કરનાર
ખુદાની મરજીને તાબે થયા=અલ્લાની મરજી પ્રમાણે કર્યું.
સ્વપ્નને સાચું કર્યું=સ્વપ્નામાં જે વિચાર આવેલા તે પ્રમાણે કર્યું
ધર્મનાં કામ કરનારને=પુણ્યશાળીને
બદલો=અવેજ; સાટું
કસોટી=પરીક્ષા
અર્પી=અર્પણ કરી; આપી
જમાનો=યુગ; વખત
હઝરત=નામદાર
ગુંજાશ=શક્તિ; ગજું

ગાળે=ગુમાવે
સખાવત=દાન
દાન=ખેરાત
મુબારકબાદી=ફતેહની ખુશાલી; અભિનંદન
મુબારકબાદી આપે=એક બીજાનું ભલું ઇચ્છે
મિજલસ=આનંદ મેળવવા માટે મળેલી મંડળી
પસાર કરે=પુરો કરે

સવાલ—મુસલમાનોનો સૌથી મોટો તહેવાર કયો અને તે કયે દિવસે આવે છે? બકરી ઇદના દિવસને માટે હઝરત મુહંમદ પેગંબર સાહેબની શી આજ્ઞા છે? મુસલમાનના મહીના ગણાવો. જ. (૧) મોહરમ. (૨) સફર. (૩) રબીઉલ. અવલ. (૪) રબીઉલ આખર. (૫) જમાદીલ આખર. (૬) જમાદીલ અવલ. (૭) રજબ. (૮) સાબાન. (૯) રમજાન. (૧૦) સવ્વાલ. (૧૧) જિલકાદ. (૧૨) ઝિલ્હજ.

સહુથી; મક્કાની; હજજનો, દસમી; ધામધૂમથી; ઇબ્રાહીમ; ઇસ્માઇલ; અર્પણ; સ્વપ્નું; કસોટી; અર્પી; શાંતિ; ગુંજાશ; બંદગી; મિજલસ; મોજમઝામાં.

પાઠ ૨૯ મો અનાજ

ભાગ ૧ લો.

કઠોળ=બે દાળવાળાં અનાજ
બાવટો, કોદરા, કાંગ, ચીણો
બંટી=ઝીણું હલકું અનાજ
પોષણ=ગુજરાન; ગુજારો
વવાય=રોપાય
ચાસ=હળ વડે પાડેલા આડા ઉભા લીસોટા
ઓરણી કરે છે=ઓરે છે; રોપે છે
કણસલાં=ડુંડાં; જેમાં અનાજના દાણા થાય છે એવો છોડનો ભાગ

છેડે=મથાળે

છોતરાં=છોડાં

સવાલ—અનાજનાં નામ દો. દાળ શેની શેની થાય છે? કઠોળ ગણાવો. ગરીબ લોક કયું કયું અનાજ ખાય છે? પૈસાદાર કયું અનાજ ખાય છે? દુબળા, ચોધરા, નાયકડા, કુંકણા, ઢોડીઆ, ગામટા વગેરે લોકો કયાં અનાજ ખાય છે? ઘઉંના કણુસલાંને શું કહે છે? જ. ઉંબી.

અડદ; [illegible]ળ; પોપણું; હુંડાં; ફૂટ; કણુસલું.

પાઠ ૩૦ અનાજ ભાગ ૨ જો.

ડાંગર=ભાત; ચોખાનો છોડ

ધરૂ=કુમળા છોડ; તરૂ

ક્યારા=પાણી ભરાયલા નાના ખાડા

ક્યારડા ક્યારા

ઘુંટણપૂર=ઘુંટણ જેટલા

સાંઠા=છોડ

દાંતરડું=અનાજ ઘાસ વગેરે કાપવાનું વાંકું હથિયાર

સવાલ—ધરૂ એટલે શું? ઓછા વરસાદવાળી જગામાં ડાંગર થતી નથી તેનું કારણ શું! કણુસલામાંથી ડાંગર કેવી રીતે છુટી પાડે છે?

સાર—બાજરીઆમાં બાજરી; કણુસલામાં જુવાર; ઉંબીમાં ઘઉં, ડાંગર ને જવ; તલસરામાં તલ; શીંગમાં કઠોળ; અને પોપટામાં ચણા થાય છે.

શિખવ્યું, ક્યારા, ક્યારડા, ઘુંટણપૂર, સાઠાં, દાંતરડા.

પાઠ ૩૦ મો પાણી પહેલી ચણીએ પાળ.

પાણી પહેલી ચણીએ પાળ=પાણી આવતાં પહેલાં

પાળ બાંધીએ. મતલબ કે કામ કરતાં પહેલાં વિચાર કરીએ
વિરામ=વિસામો; શાંતિ
વિરામ કરી રહીએ=નિરાંતે ઉંઘીએ
સાલે=થાય
અંતરમાં=મનમાં
સાલ=દુઃખ
લ્હાય=આગ
સદા=દરરોજ; નિત્ય
પ્રથમ=પહેલાં; અગાઉ
સંભાળ=તપાસ; તજવીજ

રજની=રાત
રજનીને અંત=પાછલી રાતે; મળસ્કે
અત્યંત=ઘણીજ
શાલ=ઊનનું કીમતી લુગડું
આથડે=ભટકે
તાલ=ઠેકાણું; જોગ
રગ રગમાં=નસે નસમાં
રૂંધાણો=ભરાયો; ભેગો થયો
ઓસડ સંજોગ=ઓસડ કરવાથી
સંજોગ=મેળાપ
નિકાલ=તોડ

સમજુતી—દિવસે એવું કામ કરવું, કે જેથી મનમાં દુઃખ થાય નહિ અને રાતે નિરાંતે ઉંઘાય, માટે કામ કરતાં પહેલાં વિચાર કરવો. (૧)

જ્યારે ઘરમાં આગ લાગી હોય, ત્યારે કુવો ખોદાય નહિ, મતલબ કે કુવો ખોદી પાણી કાઢી તે પાણીથી આગ હોલવી શકાય નહિ, હંમેશ પહેલાંથીજ તજવીજ રાખીએ, કામ કરતાં પહેલાં વિચાર કરવો. (૨)

શિઆળામાં પાછલી રાતે તો ટાઢ ઘણી પડે, તેજ વખત શાલ વણવા બેસીએ, તો શાલ વણાઇ તે કામમાં

આવે નહિ, માટે કામ કરતાં પહેલાં વિચાર કરવો. (૩)

ઉનાળામાં વનમાં ભટકીએ, અને પછી ત્યાં ખરો તડાકો પડે, તે વખતે ત્યાં છત્રીનું ઠેકાણું હોય નહિ, માટે કામ કરતાં પહેલાં વિચાર કરવો. (૪)

નસે નસમાં રોગ ભરાયો, તે તો ઓસડ કરવાથી જાય નહિ, તો તે આગળથીજ તોડ (ઉપાય) કરીએ તો મટે; માટે કામ કરતાં પહેલાં વિચાર કરવો. (૫)

બોધ—કામ કરતાં પહેલાં વિચાર કરવો.

વિરામ, અત્યંત; રૂંધાણો; સંજોગ; નિકાલ.

પાઠ ૩૨ મો શરીરનું સુખ.

ચાકર=સેવક

નફર=વેચાતો લીધેલો ચાકર; ગુલામ

ખિજમત=સેવા; ચાકરી

ખડા=હાજર

વૈભવ=સુખનાં સાધાન

તબીએત=શરીર

દરજ્જે=ભાગે.

સંચો=સાંચો; યંત્ર

વખતસર=વખત પ્રમાણે

ઘસારો=ઘસાવાથી પડેલી ખોટ

ટકે છે=ચાલે છે; નભે છે

ઘટતી=જોઇએ તેટલી

આરામ=વિસામો

નડતો=હેરાન કરતો

નીમ=નિયમ; ધારો

હજમ કરવા=પચાવવા

તાજી=ચોકખી; ખુલ્લી

ચોકખાઇ=સ્વચ્છતા

નિયમસર=નિયમ પ્રમાણે

પચાવી=જેરવી

લહેજત=મજા; રસ; સ્વાદ

પેટ સાફ આવે=ઝાડો ખુલાસો થાય

એકંદર=બધી રીતે

બોધ—(૧) વખતસર શકિત પ્રમાણે કામ કરવું. (૨) જોઇએ તેટલી કસરત કરવી. (૩) જોઈએ તેટલો આરામ લેવો. (૪) ખાવા પીવામાં નિયમ રાખવો. (૫) તાજી હવામાં દરરોજ ફરવા જવું. (૬) શરીર ને કપડાં સ્વચ્છ રાખવાં. (૭) ઘરમાં ને ઘરની આસપાસ ચોકખાઈ રાખવી (૮) રાતે દશ વાગે સૂઇ સવારે ૭ વાગે ઊઠવું.

સાર—દુનિયામાં મોટામાં મોટાં ચાર સુખ છે, તેમાં શરીરનું સુખ સૌથી મોટું છે.

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા;
ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર.

દુનિયામાં, ખિજમત, દરજ્જે, ઘસારો, ચોક્ખાઇ.

પાઠ ૩૩ મો પતેતી

પતેતી=પારસીની દીવાળી; પસ્તાવામાં પડેલો

પંથ=ધર્મના ફાંટા; ધર્મનો પક્ષ

કબીસો=૧૦ વરસે એક મહીનો વધારે ગણવો તે

ઝરથુસ્ત ધર્મ=પારસીઓનો ધર્મ

રિવાજ=ધારો

છૂટકારો=છુટ્ટી; નિકાલ; છુટકો

અહુરમઝદ=પારસીઓએ માનેલા પરમેશ્વર

પ્રાર્થના=સ્તુતિ કરી કંઇ માંગવું તે; બંદગી

ઉજમાળો=આનંદનો; સારો

સ્તુતિ=વખાણ

માફી=ક્ષમા

આતશબહેરામ=અગિઆરી; પારસીઓનું દેવળ

મુબારકબાદી=ધન્યવાદ

ગાળે છે=કાઢે છે; ગુમાવે છે;

સવાલ—પારસી વરસના છેલ્લા દિવસને શું કહે છે? પારસીમાં કેટલા પંથ છે ને તે કયા કયા? કદમી કરતાં શહનશાહીનું વરસ એક મહીનો મોડું આવવાનું કારણ શું? પતેતીનો અર્થ શો? બેસતા વરસને દહાડે પારસીઓ શું કરે છે?

પતેતી, શહનશાહી, ઝરથુસ્ત ધર્મમાં, રિવાજ, છૂટકારો, અહુરમઝદ, પ્રાર્થના, શક્તિની, સ્તુતિ, આતશબહેરામમાં, ખુશાલીમાં, પ્રાર્થનામાં,

પાઠ ૩૪ મો દેડકો અને સાપ, ભાગ ૧ લો.

વેર=અદાવત; દુશ્મનાઈ
અક્કલ ખોઈ બેસે છે=ભાન ગુમાવે છે
બહાદુરીનું=શુરાતનનું
વેર વાળું=વેર લઉં
યુક્તિ=તદબીર; ઉપાય
વેરી=દુશ્મન; શત્રુ
દુશ્મનને=વેરીને
શરણે=તાબે
દર=બાકું; કીડી, મંકોડા, ઉંદર વગેરેનાં ઘર.
એકાદ=એક પણ; આશરે એક
દુષ્ટ=પાપી
મદદ=સહાય; આસરો
લાભ=ફાયદો
નિરાંતે=સુખેથી

સમજુતી—દુઃખ આપનાર કાંટો જેમ કાંટાથીજ કાઢીએ છીએ, તેમ દુઃખ આપનાર શત્રુને શત્રુથીજ મારીએ.

અકકલ, વિચાર્યું, અનુષ્ટુભ, દુશ્મન, દેડકો, નિરાંતે,

પાઠ ૩૫ મો દેડકો અને સાપ, ભાગ ૨ જો.

ખૂટયું=ઘટયું; ઓછું થયું
પત્ની=સ્ત્રી; ધણીઆણી
વારો=વખત
ફોસલાવી=ખોટું સમજાવી

બહાને=નામે
મગરી=મગરની માદા
સંદેશો=કહેણ
જવાબ=ઉત્તર
ભરોસો=વિશ્વાસ

સવાલ—દેડકો અને સાપની વાત કહો.

સાર—જીવ ને પૈસાના બચાવ માટે દુશ્મનને તાબે થઇએ તો તે દુશ્મનજ આપણા જીવ અને પૈસાનો ભક્ષ કરે છે.

ખૂટ્યું, પત્નીને, સંદેશો, ભૂખ્યો, ભરોસો.

પાઠ ૩૬ મો માનો પ્રેમ

પ્રેમ=હેત; વહાલ; પ્યાર
કાલું=હેત આવે તેવું ને મધુર; ગાંડુંઘેલું
બોલે બોલે શબ્દે શબ્દે
ડોલે=ઝોલા ખાય; માથું હલાવે
ખૂંદે=નાચે
ખોળે=ખોળામાં
હૈયું=મન
હિંડોળે ચઢે=નાચે
હૈયાં હિંડોળે ચઢે=મન ખુશ થાય
મેળ=મેળાપ
લાધે=થાય
મોંએ મેળ ન લાધે=મોં બંધ થાય નહિ; ઘણું જ હસવું આવે
હેરી=વારંવાર
ઘેલાંતુર=ગાંડા જેવી; હરખઘેલી
ચૂમી=બચ્ચી; બકી
સ્હોડે=પાસામાં
ઘૂમે=અહિં તહિં ફરે
મ્હાલે=આનંદથી ફરે
બાળલીલા=બાળકની રમત ગમત
ધન્ય=શાબાશ
જન્મ=જીવતર; જિંદગી

સમજુતી—માનાં બાળક ગાંડુંઘેલું બોલે, ત્યારે મા તેના શબ્દે શબ્દ પર ડોલે છે. માનાં બાળક ખોળામાં નાચે છે, ત્યારે માનું મન ખુશ થાય છે. માનાં બાળક ફરતાં નાચે છે, ત્યારે હસતાં માનું મોં બંધ થતું નથી. મતલબ કે ખૂબ હસે છે. માનાં બાળક માને વારંવાર હસાવે છે, અને હસાવી હસાવીને ગાંડા જેવી બનાવે છે. (૧)

બાળક મા, મા, કહીને બોલાવે છે, ત્યારે મા બાળકને વહાલમાં બોકીથી નવરાવે છે, મતલબ કે ખૂબ બોકી કરે છે. માનાં બાળક જ્યારે પાસામાં સૂએ છે, ત્યારે મા બાળકમાં પરમેશ્વરને જુએ છે, મતલબ કે બધું દુઃખ ભૂલી જાય છે. માનાં બાળક ઘૂમે છે ને આનંદથી ફરે છે, ત્યારે માને બાળક જેવી એટલે પોતાના જેવી બનાવે છે. બાળકની રમત ગમત અને માનું હેત એ જેણે જોયાં તેના જીવતરને ધન્ય છે. મતલબ કે, જે માએ બાળકની રમત ગમત અને જે બાળકે માનું હેત જોયું છે તેનું જીવતર સફળ છે. (૨)

ખૂંદે, હિંડોળે, ઘેલાંતુર, ઘૂમે, ધન્ય, જન્મ.

પાઠ ૩૭ મો શ્રી કૃષ્ણનું બાળપણ ભાગ ૧ લો.

શ્રીકૃષ્ણ=વિષ્ણુનો આઠમો અવતાર; વસુદેવ ને દેવકીના પુત્ર; ભગવાન.

બાળપણ=નાનપણ

શ્રાવણ વદ આઠેમ=ગોકળ આઠેમ; જન્માષ્ટમી

ઓચ્છવ=આનંદનો દિવસ;

ભજન=ગુણગાન

મથુરા=જમના નદીને કાંઠે શહેર છે

ઘાતકી=દયા વગરનો; નિર્દય
કંસ=મથુરાનો રાજા; ઉગ્રસેનનો પુત્ર; શ્રીકૃષ્ણનો મામો; દેવકીનો ભાઇ
ઉગ્રસેન=દેવકી ને કંસના પિતા
દેવકી=શ્રી કૃષ્ણની મા; વસુદેવની સ્ત્રી; કંસની બેન; ઉગ્રસેનની પુત્રી
મધરાતે=રાતે બાર વાગે
ગોકુળ=મથુરા પાસે ગામ છે
કન્યા=છોકરી; પુત્રી
ચોકીદારો=પહેરેગીરો
શરમાઇ=લજવાઇ
ખોળામાં=ગોદમાં
ઉમળકાથી=ઉમંગથી; હોંસથી
પાતાળ=પૃથ્વીની નીચેનોભાગ
અચંબો=નવાઇ; આશ્ચર્ય
ગોવાળ=ગાયો ચરાવનાર
મમતા=માયા; હેત
મસ્તી=તોફાન
પજવતા=હેરાન કરતા
રાવ=ફરિયાદ
ઉખળું=સાંબેલું; મુસળું
પૂતના=એ રાક્ષસ સ્રીનું નામ છે
વેશે=દેખાવથી.
ડોળા ચઢી ગયા=આંખો બહાર નીકળી પડી

સવાલ—શ્રીકૃષ્ણનો જન્મ કોને ત્યાં, કયારે ને કયે દિવસે થયો હતો ? શ્રીકૃષ્ણનાં મા, બાપ, ભાઇ, મામા, અને દાદાનું નામ શું ? વસુદેવ ને દેવકીને કેદ કરવાનું કારણ શું ? કૃષ્ણને બચાવવા વસુદેવે શું કર્યું ? કંસ કોને પત્થર સાથે અફાળવા ગયો ? ત્યારે તેણે શું અવાજ સાંભળ્યો ? શ્રીકૃષ્ણની બાળલીલા કહો. પૂતનાનો શ્રીકૃષ્ણે કેવી રીતે જીવ લીધો ?

શ્રીકૃષ્ણનું, ઓચ્છવ, મંદિરોમાં, દર્શન, જન્મ્યા,

ઘાતકી, જસોદાને, સૂતેલી, પૃથ્વી, મસ્તી, ઉખળે, અફાળ્યું, પૂતનાને, વેશે.

પાઠ ૩૮ મો શ્રી કૃષ્ણનું બાળપણ, ભાગ ૨ જો

ગોવાળીઆ=ગાય ચરાવનારા
વાંસળી=બંસી
મીઠો=મધુર
દાણુ=જકાત
બહાને=નામે
કળ=ચેન; સુખ
કદમ=એક જાતનું ઝાડ
ભુસકો=કુદકો
છક થઈ=અચંબો પામી
સ્વામી=ધણી; કાળિનાગ
લેખવી=પત કરી; ગણકારી
ઇંદ્ર=સ્વર્ગનો રાજા
ગોવર્ધન=એ નામનો ગોકુળમાં પર્વત છે.
મુસળધાર=જાડી ધારમાં પડતો
ટચલી=છેક નાની
મલ્લ=કુસ્તીબાજ

સવાલ—કાળીનાગને શા માટે હરાવ્યો ? ઇંદ્રે પુષ્કળ વરસાદ શા માટે વરસાવ્યો ? એ દુઃખમાંથી શ્રીકૃષ્ણે કેવી રીતે ગોવાળોનો બચાવ કર્યો ? કંસનો જીવ શ્રીકૃષ્ણે કેવી રીતે લીધો?

સાર—જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે, ત્યારે ત્યારે પાપીઓનો નાશ કરવા અને સાધુઓનો બચાવ કરવા, ભગવાન અવતાર લે છે તે પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને અવતાર લીધો હતો.

ફૂલ, ઉંડાણમાં, ભુસકો, સ્વામી, ઇંદ્રને, પૂજતા, ગોવર્ધન, મુસળધાર, મલ્લોને, ચોટલી.

પાઠ ૩૮ મો ભરૂચ જિલ્લો; મુખ્ય સ્થળો.

પનો=પહોળાઇ
પાઘડીપનો=પાઘડી લાંબી વધારે ને પહોળી ઓછી હોય તે પ્રમાણે લાંબું ઘણું ને પહોળું ઓછું
રમણીય=સુંદર
કોટ=શહેરના બચાવ માટે બાંધેલી, જાડી ઉંચી મજબૂત દિવાલ
પટ=પહોળાઈ
ચકલો=ચાર રસ્તા ભેગા થતા હોય તે જગા
સ્થળ=જગા.
જાણીતું=નામીચું
નકશી=કોતરકામ
ઉત્તમ=સૌથી સારી
કચેરીઓ=ઓફિસો
હાઇસ્કૂલ=અંગ્રેજી ભણાવનારી મોટી નિશાળ
હૉસ્પિતાલ=દવાખાનું
સુધરાઈ ખાતું=મ્યુનિસિપાલિટિ; શહેરની સ્વચ્છતા રાખવાનું ખાતું
બંદીખાનું=જેલ; તુરંગ
વલંદા=ડચ;હોલાંડના રહેવાસી
કોઠી=જથાબંધ માલ ભરવાનું ઠેકાણું; વખાર
ફુરજો=નદી કે દરીઆ માર્ગે આવતા માલ પર જગાત લેવાનું ઠેકાણું
દશાશ્વમેધ=દસવાર અશ્વમેધ કરેલી જગા
મસ્જિદ=મુસલમાનોને નિમાજ પઢવાનું ઠેકાણું
ભાર્ગવ=ભૃગુ ઋષિના વંશના
બ્રહ્મક્ષત્રી=ક્ષત્રીની એક જાત
વણાટકામ=વણવાનું કામ
ગળી=ઘેરો આસમાની રંગ
જિલ્લો=ઘણા તાલુકા મળીને થએલો ભાગ
પેદાશ=નીપજ; પાક
વણાટનાં=વણવાના.

શુક્લતીર્થ } નર્મદાને કાંઠે
તવરા } જાત્રાનાં સ્થળ છે
ભાડભૂત }
અધિક માસ=વધારાનો મહીનો
પ્રસંગ=વખત
શ્રાવક=જૈનધર્મ માનનાર

સવાલ—નર્મદા નદીને કાંઠે કયાં પ્રખ્યાત સ્થળો આવેલાં છે? ભરૂચની લંબાઇ પહોળાઇ કહો. ભરૂચનો કોટ કોણે બંધાવ્યો? ભરૂચમાં જોવા લાયક જગાઓ કઇ કઇ છે? ભરૂચનું શું વખણાય છે? ભરૂચ જિલ્લો કયા પાકને માટે પ્રખ્યાત છે? ભરૂચ જિલ્લાના મોટાં ગામ ગણાવો. શુકલતીર્થ, તવરા, ભાડભૂત અને કાવી કઇ નદી પર છે, ને શાને માટે પ્રખ્યાત છે? કાવીમાં કયા બે મંદિરો છે?

નર્મદા, અંકુલેશ્વર, પટ, હાઇસ્કૂલ, ઇસ્પિતાલ, બંદીખાનું, કોઠી, નદીકિનારે, કુરજો, દશાશ્વમેધ, મસ્જિદ, ભાર્ગવ બ્રાહ્મણ, બ્રહ્મક્ષત્રી, જિલ્લો, સૂતરના, હાંસોટ, શુક્લતીર્થ, પવિત્ર, કાર્તકી, ભાડભૂત, તીર્થ પ્રસંગ, શ્રાવકોનું, પૂરૂં.

પાઠ ૪૦ મો પંચમહાલ: મુખ્ય સ્થળો.

મહાલ=તાલુકા
સમયમાં=વખતમાં
પરૂં=શહેરનો પાછળથી વધેલો ભાગ
તળેટી=પર્વતના મૂળ આગળની જગા
ખીણ=બે પહાડ વચ્ચેની નિચાણ જગો
આશ્રમ=મઠ
દેવતાઈ ગાય=માગેલું આપે

એવી ગાય; કામદુઘા
આદર્યું=શરૂ કર્યું; કરવા માંડ્યું
ઘેરો ઘાલ્યો=ચોગરદમથી ઘેરી લીધું
ગઢ=કિલ્લો
માચીનો મુકામ=વિસામો ખાવાની જગા
ચઢાવ=ઢાળ
ટોચ=શિખર
પીર=મરી ગએલા મુસલમાન સાધુ
કોઠાર=અનાજ વગેરે રાખવાની જગા
કુંડ=છોથી બાંધેલો ઝરો
કોતરણીવાળા=નકશીદાર
સરહદ=છેવટની હદ
આરો=ઓવારો; ઘાટ
ખડક=પાણીમાં ઢંકાએલો પથરો

સવાલ—પંચમહાલ નામ શાથી પડ્યું? પંચમહાલના મહાલ ગણાવો. પંચમહાલ જિલ્લાનું મુખ્ય શહેર કયું છે? પંચમહાલ જિલ્લાનાં મુખ્ય સ્થળો ગણાવો. ચાંપાનેર કોણે ને ક્યારે વસાવ્યું? પાવાગઢ વિષે શું દંતકથા છે? પાવાગઢ પર શું શું જોવા જેવું છે? દાહોદ નામ શા પરથી પડ્યું? જ૦ ગુજરાત ને માળવાની હદ મળે છે તે ઉપરથી દોહદ કહેવાતું અને દોહદ ઉપરથી દાહોદ નામ પડ્યું. હાલોલમાં શું જોવા જેવું છે? ચકકીના ઓવારાને માટે શું મનાય છે?

ગોધરા, દાહોદ, ઝાલોદ, પાવાગઢ, તળેટીમાં, ઘુમટો, ચકકીનો.

છગનલાલ મોતીરામ શાહ.
"સુખગણિત શિક્ષક" વગેરેના કર્તા. શાહપોર–સુરત.

પાઠ ૪૧ મો
સાચના સિપાઇ.

બ્યૂગલ=રણશીંગડું
હાંકુ=બૂમ
સવાઈ=ફેંટો
સાચની હાક છવાઇ=
 સાચની બૂમ પડી રહી
જામે=એકઠું થાય

સમજુતી--સાચનો સિપાઇ, સાચ અમારી તરવારમાં છે, ને સાચનો ફેંટો બાંધ્યો છે. અમે સાચના સિપાઇ છીએ.(૧)

અમારા લડવૈયા સાચા છે, તે સત્યની લડાઈ લડશે, સાંભળો! અમારાં રણશીંગડાં વાગે છે, અને સાચની બૂમ પડી રહી છે. અમે સાચના સિપાઈ છીએ. (૨)

જુઓ, સાચની લહેરો વાઇ તેથી અમારી ધજા ફરફરે છે, બધે સાચનું લશ્કર એકઠું થાય છે, તો ભાઈ તમે પણ આવો. અમે સાચના સિપાઇ છીએ. (૩)

સિપાઇ, લડવૈયા, સૂણો, બ્યૂગલ.

પાઠ ૪૨ મો સલામ.

હાલ=હમણા; આ વખતે
રીતિ=રીત; નિયમ
આણી=લાવી
વહાલ આણી ભણીએ=
 હોંસથી ભણીએ
ગીત=ગાયન
નીતિ=સાચી ચાલ
નરસી=નઠારી
ચાલ=રીત; ટેવ
મેહેર=મહેરબાની; દયા
ખુદાની=પરમેશ્વરની
સાલ=વરસ

સમજુતી—હાલ સૌને સલામ. નિશાળની રીત સારી છે, તેથી હોંસથી ભણીએ છીએ. હાલ સૌ સાહેબોને સલામ. (૧)

ગાન અને રમતમાં સારી ચાલ શીખીએ છીએ, તેથી નઠારી ટેવ સુધારે છે. હાલ સૌ સાહેબોને સલામ. (૨)

પરમેશ્વરની મહેરબાની હશે મતલબ કે આપણે જીવતા રહીશું તો વળી બીજે વરસે મળીશું. હાલ સૌ સાહેબોને સલામ. (૩)

રીતિ, વહાલ, નીતિ, મળશું.

પાઠ ૪૩ મો

એનાં ! આવો.

ઘેરગંભીર=ઘણી મોટી
ઘટા=છાયા
ઢળી=નીચી નમી
રસાળ=આનંદ ઉપજાવે એવી
છાંયડી=છાયો
છટા=શોભા
હેતાળ=માયાળુ
વડલો=વડ
વનચોક=ઝાડીનું મેદાન
જટા=વડવાઈ
વિશાળ=ઘણી લાંબી પહોળી

સમજુતી—મારે આંગણે એક આંબો છે, તેની વિશાળ છાયા પડી છે, એનો આવો, એનો છાયો આનંદ ઉપજાવે એવો છે, (૧)

મારી વાડીમાં એક આસોપાલવ છે, તેની વિશાળ શોભા પડી છે, એનો આવો, એનો છાયો વહાલો લાગે એવો છે. (૨)

ઝાડીના ચોગાનમાં એક વડ ઉગેલો છે, તેની વિશાળ વડવાઈઓ નીચી નમી છે; એનો આવો, એનો છાયો વિશાળ છે. (૩)

ઘેરગંભીર, ઘટા, છટા, હેતાળ, જટા.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો૦ કૃત બાળપોથીથી સાતમી સુધીના

ન્યા વાચનમાળા ત્રણે ભાગના, ત્રિવેદિ વાચનમાળા સાતે પુસ્તકના અર્થની નોટો તૈયાર છે.

ધોરણવાર પુસ્તકોની યાદી.

—: બાળપોથી માટે :—

"મુખગણિત શિક્ષક" ભા. ૧ દોઢ આનો.
"ડિકટેશન શિક્ષક" બે આના.

—: પહેલી માટે :—

મુખગણિત શિક્ષક" ભા. ૨. ૧॥ આના.
"ડિકટેશન શિક્ષક" ભા. ૧. ૨॥ આના.
ત્રિવેદિ વાચનમાળાનો "ડિકટેશન શિક્ષક" ચાર આના.

—: બીજી માટે :—

"મુખગણિત શિક્ષક" ભા. ૩. બે આના.
"ડિકટેશન શિક્ષક" ભા, ૨. ત્રણ આના.
સુરત શહેરનો "ભૂગોળ શિક્ષક" ૩ આના.

—: ત્રીજી માટે :—

"મુખગણિત શિક્ષક" ભા. ૩. ૨॥ આના.
"ડિકટેશન શિક્ષક" ભા. ૩ ત્રણ આના.
સુરત જિલ્લાનો નકશો પાંચ આના.
સુરત જિલ્લાનો ભૂગોળ શિક્ષક ત્રણ આના.
ગુજરાતની ભૂ. પ્રશ્નોત્તરમાળા ત્રણ આના.

—: ચોથી માટે :—

"મુખગણિત શિક્ષક" ભા. ૫. ચાર આના.
"ડિકટેશન શિક્ષક" ભા. ૪. ચાર આના.
મુંબઈ ઈ. ભૂ. પ્રશ્નોત્તરમાળા ૪॥ આના.

—: પાંચમી માટે :—

"મુખગણિત શિક્ષક" ભા. ૬. ચાર આના.
"ડિકટેશન શિક્ષક" ભા. ૫. ચાર આના.
હિંદુસ્તાનની ભૂ. પ્રશ્નોત્તરમાળા ૪ આના.

બીજા ધોરણ માટે અંકગણિતનાં મનોયત્ન પાંચ આના.

છગનલાલ મોતીરામ શાહ. શાહપોર-સુરત.

વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટીએ
તૈયાર કરેલી ચોપડીના
મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. કૃત અર્થો તૈયાર
નામ અર્થો છે, પાઠ છે, નોટો.

ખ્રિસ્તિશાળા માટે ત્રિવેદિ વાચનમાળાના અર્થો તૈયાર

પુસ્તક ૧લાના અર્થ ૦-૪-૦	પુસ્તક ૬ઠ્ઠાના અર્થ ૦-
પુસ્તક ૨જાના અર્થ ૦-૫-૦	પુસ્તક ૭માના અર્થ ૦-૧
સ્તક ૩જાના અર્થ ૦-૬-૦	ગાયકવાડી ત્રિવેદિ વાઃ
ક ૪થાના અર્થ ૦-૭-૦	માળાના અર્થો પણ તૈયાર
૫માના અર્થ ૦-૮-૦	

"મુખગણિત શિક્ષક"

ની	૦-૧-૬	ત્રીજા ધો૦નો	૦-૨-૬
ધો૦નો	૦-૧-૯	ચોથા ધો૦નો	૦-૪-૦
૦નો	૦-૨-૦	પાંચમા ધો૦નો	૦-૪-૦

"પ્રશ્નોત્તરમાળા"

ગુજરાતની સામાન્ય ભૂગોળની ત્રણ આના.
મુંબઈ ઇલાકાની ભૂગોળની સાડાચાર આના.
હિંદુસ્તાનની સામાન્ય ભૂગોળની ચાર આના.
સુરત શહેરનો નકશો ૫ આના. સુરત જિલ્લાનો નકશો ૫ આના.
સુરત શહેરનો ભૂગોળ શિક્ષક ત્રણ આના.
સુરત જિલ્લાનો ભૂગોળ શિક્ષક ત્રણ આના.

છગનલાલ મોતીરામ શાહ. શાહપોર-સુરત.